સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

લ્યો ! બધાને સૌથી પહેલાં મંઝિલે પહોંચવું છે,
બેજવાબદારીનો જવાબ દેવા પહોંચવું છે,
ગતિ પાછળ થાય છે ગાંડા થાય છે અધોગતિ -
ઈશ્વર બોલાવે એના પહેલાં જ પહોંચવું છે
(કરૂણ અકસ્માતો)

હાઈકુ

પરિણામ છે
બેકાબૂ અકસ્માતો -
અધિરાઈનું...

ઉતાવળ, ને
મગજે ભૂતાવળ
થ્યો અકસ્માત...

ચિંતન

સોડ્ડત એવ ।

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

એ નિત્ય અને જન્મમરણ રહિત છે. એથી એ જ્ઞાતા છે.

જીવાત્મા અવિનાશી, નિત્ય અને જન્મરણથી રહિત છે, એટલા માટે તો આ પૃથ્વીના પુણ્ય પ્રવાસમાં જુદે જુદે વખતે થયેલા અનુભવોને યાદ કરી શકે છે અથવા એ અનુભવોનું જ્ઞાન ધરાવે છે. જો એ જન્મતો કે મરતો હોય તો એક જન્મના અનુભવોની સ્મૃતિ બીજા જન્મમાં ના કરી શકત. પરંતુ શરીરો બદલાય છે તો પણ એ નથી બદલાતો અને એક સરખો રહે છે એટલે તો એક જન્મના અનુભવોને યાદ કરી શકે છે.

ઘણીવાર બાળકો પણ પૂર્વજન્મની સ્મૃતિથી સંપન્ન દેખાય છે. એ ઉપરાંત એક જ જન્મની બાળપણની અને યુવાવસ્થાની સ્મૃતિઓ મોટી ઉંમરે કાયમ રહે છે જેથી પણ સમજી શકાય છે કે એ સ્મૃતિઓથી સંપન્ન જીવાત્મા એક જ છે. જો એક ના હોત તો અલગ અલગ વખતે ન સ્થળે થયેલા સ્વાનુભવોની સ્મૃતિ કેવી રીતે કરી શકત ?

સુવિચાર

- પુસ્તકો એ મસાલા ભરીને સાચવી રાખેલાં મહાન મગજ છે - **જનકલ્યાણ**
- હાસ્ય એ યંત્રનો એક ભાગ છે, જેના અભાવથી જીવનરૂપી યંત્ર ખોટકાઈ જાય છે - **સ્વામી રામતીર્થ**
- જેને સત્યે સ્વાધીન બનાવ્યો છે તે જ સ્વતંત્ર છે. બાકીના બધા દાસ છે - **દાદા ધર્માધિકારી**
- સૌંદર્ય માટે પ્રસન્નતાથી શ્રેષ્ઠ બીજો કોઈ શ્રૃંગાર નથી - **લેડી બાર્બરા**
- સીતાફળના બી વાવવાથી કયારેક અંજીર પ્રાપ્ત થતા નથી. અન્યના સુખની ચિંતા કરીએ તો આપોઆપ જ આપણને સુખ પ્રાપ્ત થશે - **અનંદ ગોપાલ**
- મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત નરમ હોય એ આવશ્યક છે - **લિંકન**
- આજનું ઔષધ : પિત્ત થાય તો ગોળ સાથે મધ અને ઘોડાવજ ચૂર્ણ લેવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ચીનના તત્ત્વજ્ઞાની કન્ફ્યુશિયસ તેમના શિષ્યો સાથે જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં કોઈ સ્ત્રીનો રડવાનો અવાજ સંભળાયો. અવાજની દિશામાં સૌ તપાસ કરવા ગયા. સ્ત્રીને રડવાનું કારણ પૂછ્યું. સ્ત્રીએ કહ્યું, 'આ જંગલમાં એક ચિત્તાએ મારા પુત્રને મારી નાખ્યો. થોડા દિવસ પહેલાં મારા પતિને પણ આ ચિત્તાએ મારી નાખ્યો.'

કન્ફ્યુશિયલે પૂછ્યું, 'તારા કુટુંબના બે મુખ્ય સભ્યો ને ચિત્તાએ મારી નાખ્યા તો પછી તું આ ખતરનાક જંગલ છોડી કેમ નથી દેતી ?' સ્ત્રીએ જવાબમાં કહ્યું, 'અમે આ જંગલ એટલા માટે નથી છોડતા કે, અહીં એક નિરાંત એ છે કે ઓછામાં ઓછું અહીં કોઈ અત્યાચારી શાસક શાસન તો નથી !! એક દિવસ તો એવો આવશે જ ને કે આ ખૂંખાર માનવભક્ષી ચિત્તાનો પણ અંત આવશે, રાજયના જુલ્મી શાસકના શાસનથી ત્રાહિમાન પોકારીને અમે આ જંગલમાં રહેવા આવી ગયા હતા.'

કન્ફ્યુશિયસે પોતાના શિષ્યોને કહ્યું, 'આ સ્ત્રી જરૂર કરુણા અને સહાનુભૂતિને પાત્ર છે. એણે જે સત્ય ઉજાગર કર્યું તે ખૂબ મહત્ત્વપૂર્ણ છે કે એક જુલ્મી શાસકના શાસનમાં રહેવા કરતાં આમ જંગલમાં ખૂંખાર પશુ સાથે રહેવું સારું. હું માનું છું કે, પ્રજાએ જુલ્મી શાસકથી ડર્યા વગર તેનો વિરોધ કરી તેને સુધરવા મજબૂર કરવો જોઈએ. દરેક નાગરિકે એ બાબતને પોતાની ફરજ સમજવી જોઈએ.'

લઘુમતી સમાજમાં દહેશતનું વાતાવરણ

તંત્રીસ્થાનેથી...

દિલ્હીના આર્ચબિશપે એમના હાથ નીચેના પાદરીઓને પત્ર પાઠવી આગામી લોકસભાની ચૂંટણી પછી નવી સરકાર રચાય તે માટે પ્રાર્થના અને ઉપવાસ કરવાનું સૂચન કર્યું છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ગાંધીનગરના આર્ચ બિશપે પણ લોકશાહી અને બિનસાંપ્રદાયિકતાના સમર્થનમાં મતદાન કરવાની અપીલ બહાર પાડી હતી. ખ્રિસ્તી મિશનરી સંસ્થાઓને લઘુમતી સમાજ સાથે વર્તમાન સરકાર ઓરમાયું વર્તન રાખતી હોય એવું લાગ્યા કરે છે. આમાં કેટલું તથ્ય છે એ તો ચર્ચાનો વિષય છે પરંતુ આવા પત્રોથી એટલું તો અવશ્ય પ્રતિપાદિત થાય છે કે લઘુમતી સમાજમાં એક પ્રકારની દહેશત જરૂર પ્રવર્તી રહી છે. કોંગ્રેસના શાસનકાળમાં કયારેક આ પ્રકારની દહેશત નહોતી વરતાઈ તે પણ એમાંથી ફલિત થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'સબ કા સાથ, સબકા વિકાસ'ની વાતો તો કરે છે પણ એમની સરકારનો અને શાસક પાર્ટીનો ઝોક હિંદુત્વના મુદ્દે બહુમતી સમાજના ધ્રુવીકરણ તરફ જ રહેતો હોય છે. ચૂંટણીના રાજકારણમાં આ પ્રકારનું ધ્રુવીકરણ એમને ફળતું પણ રહ્યું છે. મુસ્લિમોના તુષ્ટીકરણના મુદ્દે ઊહાપોહ મચાવીને બિનસાંપ્રદાયિકતાનાં પક્ષધર રાજકીય પરિબળો સામે દેશભરમાં નફરતનું વાતાવરણ સર્જવામાં ભાજપ મહદંશે સફળ રહ્યું છે. છેલ્લે કર્ણાટકની ચૂંટણીમાં ટીપુ સુલતાનને મુદ્દો બનાવી કોંગ્રેસને મુસ્લિમોની તરફદારી કરનારી પાર્ટી તરીકે ચીતરવાનો સભાનતાપૂર્વક પ્રચાર થયો હતો. રાજા-મહારાજાઓ અને બાદશાહોના સમયમાં થયેલ ધર્મપરિવર્તન કે હિંદુઓ પર થયેલ કહેવાતા અત્યાચારોની મનઘડંત કથાઓ રજૂ કરીને આજના જમાનામાં બહુમતી હિંદુ સમાજ અને લઘુમતી વર્ગો વચ્ચે વૈમનસ્ય ઊભું કરવાની ભાજપ અને સંઘની કૂટનીતિને કારણે સાંપ્રદાયિક તનાવ વધ્યો છે. હિંદુ - મુસલમાન અને ખ્રિસ્તીઓ વચ્ચેની ખાઈ વધુ પહોળી થવા પામી છે. આથી સ્વાભાવિક રીતે જ લઘુમતી વર્ગોમાં પ્રતિક્રિયા સ્વરુપે દિલ્હી કે ગાંધીનગરના આર્ચ બિશપોએ આપેલ માર્ગદર્શન સૂચનો સામે આવ્યા છે. એક રીતે આ સરકાર સામેનો પ્રગટપણે વ્યક્ત થયેલો અસંતોષ છે. લઘુમતી વર્ગોને પોતાની સલામતી અને સ્વતંત્રતા માટે વર્તમાન ભાજપ સરકારની નીતિરીતિ અનુકૂળ નથી લાગતી. આ પ્રકારની પ્રતિક્રિયા પછી શાસક પક્ષમાં ક્ષોભનું વાતાવરણ સરજાવું જોઈએ એને ઠેકાણે જાણે આર્ચબિશપે કોઈ દેશદ્રોહી પગલું ભર્યું હોય એમ ગુસ્સાનું વાતાવરણ સરજાયું છે. સંઘના પ્રતિનિધિએ તો આર્ચબિશપોની નિમણૂક પોપ કરતા હોવાનું નિવેદન કરી આખી વાતને જુદો જ વળ ચડાવવાનો પ્રયાસ કર્યો છે. પોપ કરતા હોવાનું નિવેદન કરી આખી વાતને જુદો જ વળ ચડાવવાનો પ્રયાસ કર્યો છે. પોપ સાથે આડકતરી રીતે ઈટાલીયન મૂળનાં સોનિયા ગાંધીને સાંકળવાનો ગર્ભિત સંદર્ભ ઘણું બધું બિટવિન ધ લાઈન્સ કહી જાય છે. ૨૦૧૯માં સરકાર બદલાશે તો જાણે એ વિદેશી હસ્તક્ષેપનું જ પરિમામ હશે અને હિંદુત્વ પર ખ્રિસ્તી મિશનરીઓના વિજય સમાન હશે એવો પ્રચાર શરૂ થઈ જવાની સંભાવના છે. દેશની લોકશાહી માટે શાસક પક્ષ કે એના સમર્થકોનો આવો અભિગમ ખતરો સાબિત થઈ શકે છે. એ ભયનું વાતાવરણ ઊભું કરી બહુમતીને બાનમાં લેવાનો પ્રયાસ કરશે તો એના પ્રતિકૂળ પરિણામ દેશને જ ભોગવવાં પડશે.

યોગ વિષે આટલું જાણવું જરૂરી છે

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

હાલ યોગ વિશ્વવ્યાપી બન્યો છે. અલગ અલગ યોગ ગુરુઓ પોતાની આગવી શૈલીઓ વડે સાધકોને યોગ શીખવે છે. મોબાઈલમાં યોગ-મેડીટેશન ની ઢગલાબંધ એપ અવેલેબલ છે. આવા સમયે યોગ વિષયક પાયાની સમજણ મેળવવી જરૂરી છે. યોગનાં અનેક માર્ગો છે. દરેક માર્ગની અલગ અલગ વિધિ, અલગ અલગ યોજના છે. દરેક માર્ગ અંતે તો ઉત્કૃષ્ટ એવી સમાધિ અવસ્થા તરફ જ જાય છે. મંઝીલ સુધી પહોંચવાનાં રસ્તાઓ અલગ અલગ છે. આ અનેકવિધ રસ્તાઓમાં નો સૌથી પ્રશસ્ત માર્ગ એટલે કે અષ્ટાંગ યોગ. અષ્ટાંગ યોગ એ યોગનો મૂળભૂત માર્ગ છે એમ કહી શકાય. યોગના આ આઠ સ્ટેપ્સ વડે માણસ પરમાત્મ સ્વરૂપને પામી શકે. આપણે સંસારી જીવો છીએ, એટલે સમાધિ કે મોક્ષ આપણો ધ્યેય ન હોય એવું બને, એટલે જ કદાચ આપણે આસન-પ્રાણાયામ કે જે અષ્ટાંગ યોગનાં ત્રીજા અને ચોથા સ્ટેપ્સ છે, તેનાથી આગળ નથી વધવા માંગતા કે નથી વધી શકતા. ઘણાં એવું પણ માને છે કે યોગના આગળનાં સોપાનો સર કરવા માટે સંન્યાસી થઈ જવું પડે. આવી બધી ભ્રમાણાઓને તોડવા માટે અષ્ટાંગ યોગને યોગ્ય રીતે સમજવું પડે. અષ્ટાંગ યોગ અથવા તો રાજયોગનું વર્ણન મહર્ષિ પતંજલિએ પોતાના ગ્રંથ 'યોગસૂત્ર' માં કરેલું છે. લગભગ ઈસવીસન પૂર્વે ૨૦૦ માં લખાયેલ 'યોગસૂત્ર' માં યોગનું સંક્ષીપ્ત સૂત્રો સ્વરૂપે ખૂબ ગહન અધ્યયન જોવા મળે છે. મહર્ષિ પતંજલિએ યોગનાં આઠ અંગો જણાવ્યા છે. એ છે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને આઠમું અંગ એટલે સમાધિ.

પતંજલિનું યોગસૂત્ર ચાર પાદ, એટલેકે વિભાગોમાં વહેંચાયેલું છે.

પ્રથમ પાદ: સમાધિપાદ. આમા ચિત્તની વૃત્તિઓને કાબૂમાં કરીને સમાધિ વડે આત્મસાક્ષાત્કાર કરવાનું વિધાન છે. (યોગની ખૂબ અગત્યની પરિભાષા ''યોગશ્ચિત્તવૃત્તિ નિરોધ:'' પણ અહિંથી પ્રાપ્ત થાય છે) દ્વિતીય પાદ: સાધનપાદ. આમા યોગનાં પાંચ બહિરંગ સાધનોનો ઉલ્લેખ છે. અષ્ટાંગ યોગનાં આઠ અંગો પૈકિ પહેલા પાંચ અંગોને બહિરંગ અંગો કહે છે. સાધનપાદમાં આ પાંચ અંગો, એટલે કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, અને પ્રત્યાહારનું વર્ણન છે. તૃતીય પાદ: વિભૂતિપાદ. આમા યોગનાં ત્રણ અંતરંગ અંગોનો ઉલ્લેખ અને વિવેચન છે. ધ્યાન, ધારણા અને સમાધિને યોગનાં અંતરંગ અંગો કહે છે. આ પાદમાં યોગાભ્યાસ વડે પ્રાપ્ત થતી અનેક સિદ્ધીઓનો પણ ઉલ્લેખ છે. આ સિધ્ધીઓને મહર્ષિ પતંજલિએ સમાધિમાર્ગની બાધા સ્વરૂપે ગણી છે. અને આ સિધ્ધીઓની મોહજાળમાં ન ફસાવા માટે સાધકોને ચેતવ્યા છે.

ચતુર્થ પાદ: કૈવલ્ય પાદ. અહિં મહર્ષિએ સમાધિની પરમોચ્ચ અવસ્થાની વાત કરી છે. આ એવી અવસ્થા છે કે જયાં સાધક પોતાના મૂળ સ્વરૂપ, પરમતત્વ સાથે એકાકાર થઈ જાય છે. જીવનનું ધ્યેય તેને સિધ્ધ થઈ જાય છે. આ અવર્ણનીય અલૌકીક આનંદની અવસ્થા છે જે અનુભવથી જ સમજાય છે.

યોગસૂત્રનું અધ્યયન કરતા ખ્યાલ આવે કે યોગ કેટલું ઉચ્ચ કોટિનું શાસ્ત્ર છે. અણીમા, લઘીમા, મહિમા, આદિ સિધ્ધીઓ કે જેના વડે વ્યક્તિ પુષ્કળ ધન, ઐશ્વર્ય અને પ્રશસ્તિ મેળવી શકે, તે સિધ્ધીઓને પતંજલિએ બાધાસ્વરૂપ ગણેલ છે. અમદાવાદથી મુમ્બઈ જવું હોય તો વચ્ચે નડિયાદ, વડોદરા,સુરત આદિ સ્ટેશનો આવે તેમ આ બધી સિધ્ધીઓ ગંતવ્ય સ્થાનની વચ્ચે આવતા સ્ટેશનો જેવી છે. આ વર્ણન પરથી સમાધિનું મહત્વ સમજાય છે. આપણે એવા ઘણા સંતોના ઉદાહરણો જોયા છે જેઓ દિવસો સુધી કઈં ખાધા-પીધા વિના તપમાં રત હોય છે, સમાધિમગ્ન હોય છે. આવી અતિન્દ્રીય શક્તિઓ યોગ સાધનાની બાય પ્રોડક્ટ છે.

અષ્ટાંગ યોગ એ નિયમપૂર્વકનું યોગશાસ્ત્ર છે. એ શોર્ટકટ નથી. ધીરજ માંગી લે એવું કામ છે. જો દ્રઢ નિશ્ચય હોય તો કોઈ પણ વ્યક્તિ અષ્ટાંગ યોગના માર્ગ પર ચાલી શકે. અગાઉ કહ્યુ તેમ, દરેક વ્યક્તિનું ધ્યેય સમાધિ નથી હોતું. આસન-પ્રાણાયામ વડે સ્વાસ્થ્ય વૃધ્ધિ અને રોગોપચાર પણ અષ્ટાંગ યોગનું એક ધ્યેય હોઈ શકે. કોઈ પણ ધ્યેયને સાધવા માટે લાયકાત કેળવવી પડે. અષ્ટાંગ યોગમાં એ લાયકાત કેળવવાની શરૂઆત પ્રથમ બે અંગો, યમ અને નિયમથી થાય છે. એ વિષે વધુ... આવતા અંકે... (ક્રમશ:)

contact@atharvaayu.com

બુધ્ધમ, શરણમ, ગચ્છામિ; ધર્મમ શરણમ ગચ્છામિ; સંઘમ શરણમ ગચ્છામિ

મનના ઉમંગો
રણછોડ પરમાર

ભગવાનશ્રી ગૌતમ બુધ્ધ વિષે ઘણું બધું વાંચ્યું છે અને સાંભળ્યું છે. પણ એમનું કોઈ સ્થાનક આજ લગી મેં ભાળ્યું ન હતું. મનુભાઈ પંચોળીની 'વારસો અને વૈભવ' પુસ્તકમાં શ્રી મહાવીરના જૈન અને શ્રી ગૌતમ ભગવાનના બૌધ્ધ ધર્મની અદ્‌ભૂત સરખામણી વાંચી હતી ત્યારે હૃદય પુલકિત થઈ ગયું હતું. જ્યારે અફઘાનિસ્તાનમાં બૌધ્ધ શિલ્પોનો આતંકવાદીઓએ નાશ કર્યો એ સમાચાર ટીવી પર જોયા અને સાંભળ્યા ત્યારે મન ગમગીન થઈ ગયું હતું. અહીં જનમ્યો હોવા છતાં બૌધ્ધ ધર્મે જાણે આ દેશને અલવિદા કહી દીધી છે.તેથી તેના સ્મારક ઠેર ઠેર આપણને જોવા મળતા નથી. જ્યારે જૈન દેરાસરો તો લગભગ દરેક શહેરમાં જોવા મળે છે. મને તો અજયભાઈની કૃપાથી દરમહિને મહુડી જવા અને તેની સ્વાદિષ્ટ સુખડી ખાવા પણ મળે છે.

તમે નહીં માનો, પણ સાઈટસીઈંગ કરવા નીકળ્યા ત્યારે કોઈ સ્તુપ પણ જોવા મળશે એવી મને કોઈ આશા ન હતી .અચાનક બસ ઉભી રહી અને ગાઈડે કહ્યું કે જેને દર્શન કરવા હોય તેણે થોડું ચાલીને આગળ જવું પડશે. ચાલવાની વાત સાંભળતાં જ જોવા જનારની સંખ્યા અડધી થઈ ગઈ. પાછી ટિકિટ લઈને જોવાનું સાંભળીને એમાંથી પણ સંખ્યા અડધી થઈ ગઈ. જેઓ જાણતા હતા કે આ તો બૌધ્ધ ધર્મનું સ્થળ છે તેઓ શાંતિથી બેસી રહ્યા.છેલ્લે આંગળીને વેઢે ગણાય એટલી સંખ્યામાં જોવા જનારા નીસર્યા. અડધો કિલોમીટર જેટલો નાની પોળ જેવો રસ્તો કાપ્યો કે રાજ માર્ગ આવી ગયો. સ્તુપનો દરવાજો રસ્તાની સામી બાજુ હતો. અંદર જવા માટે એક સુંદર અને કલાત્મક કોતરણી ધરાવતો દરવાજો બનાવવામાં આવ્યો છે.આખા દરવાજા પર મનમોહક રંગો કરવામાં આવ્યા છે. બહારથી જ સુંદર સ્તુપ દેખાતો હતો. પણ એ તો કેવળ ઝાંખી હતી. એનો અસલી વૈભવ તો અંદર ગયા પછી જ નજરે ચડે છે. નાનકડા ગોળાકાર પહાડ જેવો સ્તુપ એના સફેદ રંગને કારણે આપણી આતુર આંખોને આકર્ષી લે છે. એના મથાળે સુંદર પાતળો, ઊંચો અને દક્ષિણ ભારતના મંદિરોમાં હોય છે તેવો ચોરસ આકારનો ઘુમ્મટ બનાવાયો છે. ઘુમ્મટના નીચેના ભાગમાં બે મોટી આંખો કોતરી છે. જાણે બુધ્ધના પ્રેમાળ નયનો આપણી પર પ્રેમ વરસાવી રહ્યાં છે. આવા પ્રેમચક્ષુ ચારે દિશામાં બનાવવામાં આવ્યા છે. જે સમગ્ર સૃષ્ટિને મમતાથી નિહાળી રહ્યાં છે.સ્તુપની તદ્દન નીચેના ભાગમાં લગભગ આપણી કમર જેટલે ઊંચે ભીતમાં ખાના પાડીને ફરતા ચક્ર મૂકવામાં આવ્યા છે. આ ચક્રોને હાથ વડે ફેરવતાં , ફેરવતાં ''બુધ્ધમ, શરણમ, ગચ્છામિ; ધર્મમ શરણમ ગચ્છામિ; સંઘમ શરણમ ગચ્છામિ ''બોલતા જઈને સ્તુપનું ચક્કર મારવાનું . બસ એજ પૂજા. કેટલી સરળ પૂજા ! સ્તુપની ચારે બાજુ લાઈનબંધ દુકાનો હતી. તેમાં નેપાળની(ખરેખર તો બીજા દેશોની) ઘણી ચીજો મળતી હશે. પણ ખરીદીના ચાહકો તો બસમાં બેઠા હતા. અમે બધાએ તો થોડા આગળ પાછળ રહીને અને ઘડીકમાં નજીક અને ઘડીકમાં આંખોને શોધ્યા ના જડે એટલા આઘે રહીને સ્તુપની પરિક્રમ્મા કરી. હા. ચારે બાજુ ફરફરતી રંગીન ધજાઓ જોઈ.આપણે ત્યાં નવરાત્રિમાં બાંધે છે તેવાં રંગીન તોરણ છેક ટોચ પરથી નીચે તરફ આવતાં બાંધેલા જોયા હતા. તે પણ મસ્ત હવામાં મસ્તીથી ફરકતા હતાં. અમે જમીન લેવલે પ્રદિક્ષણા કરી. કેટલાક ઉત્સાહી બાળકો અને થોડાક યુવાનો ઉપરના માળે ભારે થનગનાટ સાથે ઘુમતા હતા.હું લાકડાના ચકરડા ફેરવતો ધીમે ધીમે આગળ જતો હતો. મનમાં ''બુધ્ધમ, શરણમ, ગચ્છામિ; ધર્મમ શરણમ ગચ્છામિ; સંઘમ શરણમ ગચ્છામિ ''નો જાપ ચાલુ હતો. બ્રિજેન મારી આગળ આગળ ચાલતો હતો.(તેણે ફેસબુક પર આનો એક બહુ સુંદર ફોટો મુક્યો હતો.) એવામાં ડાબી બાજુ એક મોટો ઘંટ આવ્યો. કમર જેટલા ઊંચા ઓટલા ઉપર આ ઘંટ રાખવામાં આવ્યો હતો. મેં નજીક જઈ એનો ફોટો પાડ્યો. ઘંટ વગાડવા ઓટલા પર ચડ્યો .પણ વગાડી શક્યો નહીં. આમ કરવામાં હું અને બ્રિજેન છુટા પડી ગયા. બીજા સભ્યો તો ક્યાં અને કેટલે હતા એની કોઈ ખબર ન હતી. હું ઝડપથી ચાલી પ્રદિક્ષણા કરી એટલી જ ઝડપે બહાર આવી અને એનાથી યે વધારે ઝડપથી ગાડી પાસે પહોંચ્યો. ત્યારે સ્તુપ જોવા જનાર કોઈ પરત ફર્યું ન હતું. હું અને રમેશભાઈ પાછા સ્તુપના દરવાજે હાજર થયા. મહાપરાણે બધા ભેગા થયા.

પોખરા ગયા ત્યારે પણ મને પોતાને તો એવી કોઈ કલ્પના ન હતી કે અહીંયા પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું જોવાલાયક સ્થળ એટલે બૌધ્ધ ધર્મનો સ્તુપ છે. અમે સવારે સાઈટ સીઈંગમાં શ્રી વિન્ધ્યવાસિની માતાનું મંદિર, મહેન્દ્ર ગુફા, સેતિગંગા,ડેવિસ ફૉલ વગેરે સ્થળો જોયાં.આ બધા સ્થળો પૈકી ફક્ત વિન્ધ્યવાસિની માતાનું મંદિર એક ઊંચા ટેકરા પર હતું ત્યાંથી આજુબાજુનું સુંદર પોખરા શહેર દેખાતું હતું.અહીંના મકાનોની ડીઝાઈન બહુ સુંદર હોય છે.કોઈ મકાનને સાદી ભીંત તો હોતી જ નથી. ભીંતોને , થાંભલાઓએને અને કમાનોને સુંદર રંગીન ટાઈલ્સ લગાવી મકાનને નવો જ લુક આપી દેવામાં આવે છે. આ ટેકરા પરથી એક સાથે સેંકડો મકાનો જોઈ શકાય છે. આ મંદિરમાં પ્રવેશવાની કોઈ ફી ન હતી. બાકી બધી જગ્યાએ પ્રવાસીઓને ખંખેરવાની પૂરી વ્યવસ્થા હતી. તમે ફી ચૂકવી અંદર જાવ અને આશા રાખી હોય કે એકાદ કલાક સહેલાઈથી જોવા જેવી જગ્યા હશે. પણ જેવા અંદર જઈએ તેવા જ બહાર નીકળવાનું થઈ જતું હતું. તેની અસર ગુપ્ત મહાદેવ પર પણ પડી. પ્રવાસીઓએ ગુપ્ત મહાદેવ જોવા પ્રવેશ કર્યો પણ પચાસ રૂપિયાની ટિકિટ સાંભળી બધા દર્શન કર્યા વગર પાછા ફર્યા. એક હેતુ સર્યો. નેપાલી ટોપી ખરીદવાની ઈચ્છા પૂર્ણ થઈ.ડેવિસ ફૉલ આગળ બીજું કામ થયું. મેં, રાજુભાઈએ અને બીજા બેત્રણ જણાએ નેપાલી સિક્કા ખરીદ્યા.

બપોરે જમ્યા બાદ અમુક પ્રવાસીઓએ સ્તુપ જોવાનો કાર્યક્રમ બનાવ્યો હતો.આ વખતે પૂરા પચ્ચીસ સભ્યો થયા. જેમાં એક બિમાર બહેન અને એક સાવ અશક્ત મહિલાનો પણ સમાવેશ થતો હતો. વાંકાચુંકા રસ્તા પરથી ચાલીને અમારી ગાડી છેક ટોચની નજીક પહોંચી. ત્યાંથી વાહનમાંથી ઉતરીને ઉપર ચડવાનું હતું. છેક ઉપર જવાનું હતું મારે બે ત્રણવાર થાક ખાવા ઉભા રહેવું પડ્યું. બ્રિજેન, બોર્ડરભાઈ અને કોકિલાબેન આગળ ચાલતા હતા. હું પાછળ ઘસડાતો હતો. માંડ માંડ એક મંદિર આવ્યું . થોડીકવાર એવું લાગ્યું કે હવે અહીથી આગળ જવાનું નહીં હોય. પણ મેં કોઈ પ્રવાસીને આસપાસ જોયા નહીં હું મંદિરની પાછળ ગયોતો એક રસ્તો હજુ ઉપર જતો હતો. એક સુંદરતમ સ્તુપ નજરે ચડતાં જ બધો થાક ઉતરી ગયો. તેનું નામ વિશ્વશાંતિ સ્તુપ છે.જાપાનની કોઈ સંસ્થાએ આ સ્તુપ બનાવરાવ્યો છે જેનું ઉદ્ઘાટન ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી કોઈરાલાના હસ્તે થયું છે. ખરેખર શ્રી બુધ્ધ ભગવાનના ચરણોમાં પાંચેક મિનિટ શાંતિથી બેઠા હોય તો શાંતિનો અનુભવ થયા વગર ના રહે, પણ આ જીવને શાંતિ કયાં સદે છે ? એ આવી જગ્યાએ ફોટા પાડવામાં મન પરોવે છે અને શાંતિ હાથમાંથી છટકી જાય છે.

સ્તુપની બે બાજુએ બુધ્ધની બેઠેલી મુદ્રામાં મૂર્તિ છે.ત્રીજીમાં ઉભેલા ભગવાન છે . જ્યારે ચોથી દિશામાં એક મોટું બોક્ષ બનાવેલું છે અને નીચે ભગવાન સૂતેલા દર્શાવ્યા છે. દરેક મૂર્તિની નીચેના ભાગમાં મૂર્તિ અનુસાર પ્રભુના કાર્યોની નોંધ છે. અહીંથી ઉત્તર દિશામાં હિમાલય દેખાતો હોવો જોઈએ પણ ત્યાં વાદળાં ડેરો નાખીને પડ્યાં હતાં. તે જ રીતે સાંજે સુંદર સૂર્યાસ્ત પણ દેખાતો હશે પણ... અમારા નસીબમાં એ મનહર ફોટા પાડવાનું નહીં લખ્યું હોય બીજું શું ?

★★★

અનુસંધાન પાના નં ૭ પર

હે પ્રભુ, ભલે હિસાબમાં તું મને થોડો કાચો રાખજે પણ જિંદગીભર દિલનો સાચો રાખજે!

લાગણીનો મેળો
રસિક વાળંદ

જેટલો ઊંચે ગયો નાનો થયો,
સોળ આના આદમી આનો થયો!
- સલીમ શેખ 'સાલસ'

એક યુવકે એના દાદાને પૂછ્યું ; ''દાદા વર્ષો પહેલા તમે લોકો મોબાઈલ, ટેલીફોન, ઈન્ટરનેટ, ટી.વી. કે કોમ્પ્યુટર વગર કેવી રીતે જીવતા હતા? દાદાએ દીકરા સામે જોયું ને પછી હસતાં-હસતાં કહ્યું ; ''આજે તમે લોકો પ્રેમ, વિશ્વાસ , લાગણી કે સમર્પણ વગર જેવી રીતે જીવો છો એવી રીતે....''

સાંપ્રત તરફનો આ વેધક ઈશારો ઘણુંબધું કહી જાય છે. આજે જિંદગીમાં નર્યો વિરોધાભાસ જોવા મળે છે

જે વાસ્તવરૂપે આપણી નજરથી અછતો નથી...

આપણા ભવ્યને ઊંચા મકાનો છે પણ વિચારો નીચા છે. વાહનો માટે રસ્તા પહોળા છે પણ મનની ગલીઓ સાંકડી બની ગઈ છે. ઘર વિશાળ છે પણ કુટુંબ નાનાં થઈ ગયાં છે. ભણતર વધ્યું છે પણ ગણતર ઘટ્યું છે. ખર્ચ ધૂમ કરીએ છીએ પણ જરૂરિયાત મંદને મદદ કરવા આપણી પાસે પૈસા નથી

સુખ સગવડો વધી છે પણ માણવાનો સમય ઘટી ગયો છે. આપણી આસપાસ વસ્તુઓ વધારી છે પણ આપણી કિંમત ઘટાડી છે.

આમ આપણે બહારથી ઘણુ બધું મેળવ્યું છે પ...ણ... ભીતરથી સાવ ખાલી થયા!!

વાસ્તવથી વેગળો વિરોધાભાસ જોઈ આપણા મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીએ લખ્યું છે;

''મોટાની અલ્પતા જોઈ થાક્યો છું.
નાનાની મોટાઈ જોઈ જીવું છું;''

મિત્રો, અગ્રણી – પ્રિયપાત્ર – પાંચમાં પૂછાતા- સર્વવાતે સંપન્ન કહેવાતા પદ-પૈસો-પ્રતિષ્ઠા ને વધતી વય/ઉંમર ને સમાજ ''મોટા માણસ'' તરીકે બિરદાવે છે. આવા 'મોટા' જો આપણા ઓળખીતા કે સગા-સ્નેહી હોય તો તો વટ પડી જાય.... ગજ ગજ છાતી ફુલાવી ચોગરદમ કહેતા ફરીએ..... ને અદકેરો ગર્વ અનુભવીએ!! આ ઉજળાં કપડાંમાં લપેટાયેલી ''મોટાઈ'' તો સમય આવ્યે પરખાતી હોય છે. મોટાઈના ખ્યાલોમાં રાચતી આવી અહંમૂર્તિઓ ને જો અપેક્ષિત માન-પાન ન મળે તો શિયાવિયા થઈ જતી હોય છે. સમાજમાં સારા-માઠા પ્રસંગોએ આવા લોકો માન – મોભા ને મરતબા માટે મરતા હોય છે. જયારે કહેવાતો પેલો ''નાનો'' માણસ તો વગર બોલાવે પોતાની ફરજ પરસ્તી નિભાવી જાણે છે. પેલા 'મોટા' ઓ ને તો તકિયો – ખુરશી ન મળે તો તેમનું તેજ ઝંખવાઈ જતું નજરે ભાળ્યું છે!

ભણેલા – ગણેલા કહેવાતા well educated – સુશિક્ષિતો ને અશિસ્ત આચરતા – ને – જાહેર ભોજન વખતે થાળીઓ ઉછાળતા જોયા પણ છે. સાહિત્યના મર્મી – ને – ઉચ્ચકક્ષાના વ્યાખ્યાતા ને અન્ય સર્જક મિત્રની ટીકા – ટીપ્પણને નિંદા કરતા સાંભળ્યા છે. કહેવાતા વિદ્વદ્‌જનો પોતાના સહકાર્યકરનો તેજોદ્વેષ કરતા નિહાળ્યા છે. પોતાનો કર્મચારી પોતાનાથી આગળ ન વધે એ માટે પેંતરા રચતા, અવહેલના કરતા – ને – તક મળ્યે માનહાનિ કરતાં પણ ન અચકાતા 'મોટા અધિકારી' ને મારી સગી આંખે ભાળ્યા છે. અરે, સગા ભાઈ પાસે કડકાઈથી વ્યાજ વસૂલનારા સ્વાર્થ લંપટ ટપ્પુ પણ જોયા છે! સર્વ વાતે સુખી ગણાતા 'સન્માનનીય સમાજરત્ન' ને પૈસા માટે બધું જ ભૂલી જતા જોયા છે. અબજોની અય્યાશીમાં આળોટનારા ખમતીધરો પાસે જરા હાથ લંબાવી તો જોજો તેમનું પાણી તરત જ મપાઈ જશે!!

આ ટચૂકડી જિંદગીમાં આવું તો ઘણું ઘણું જોયું – જાણ્યું – અનુભવ્યું છે. હૈયું ચિત્કારી ઉઠે છે. આ વિસ્તરતો જતો માણસાઈનો દુકાળ ક્યાં જઈ ને અટકશે?!!

હમણાં એક મેસેજ વાંચવામાં આવ્યો

'આજે દેહમાં જીવ છે ત્યારે
સમું નથી જોતા લોકો,
અને
જેવો જીવલો ઉપડી જશે
કફન ઉઠાવી ઉઠાવીને
મોઢું જોશે...
આપણને ખબરેય નહી પડ